# રાજ્ય પરીક્ષાબોર્ડ,ગુજરાત રાજ્ય,સેક્ટર-૨૧ ગાંધીનગર

"ખાતાકીય પરીક્ષા (વર્ગ-૩) "Departmental Exam (Class-3)"

**જાહેરનામા**:ક્રમાંક/રાપબો:/ખા.પ./૨૦૨૬/ ૮૭૮૭ - ૮૮૬૯ તા.૨૪/૦૯/૨૦૨૬

(૧) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:ખ/શ/૮૮-એડીઆઇ-૧૦૭૫-સી-૧૯૯૯-લ,તા.૨૧/૧૨/૨૦૧૨

(૨) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:ખતપ/૧૦૨૦૨૨/૩૫૧/ક,તા.૨૬/૮/૨૦૨૨

(3) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:ખતપ/૧૦૨૦૨૨/૩૫૧/ક,તા.૧૯/૧૦/૨૦૨૨

આમુખ-૧ના જાહેરનામા અનુસાર "મદદનીશ શિક્ષણ નિરીક્ષક, મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ખાતાકીય પરીક્ષા) નિયમો- ૨૦૧૨" અનુસંધાને શિક્ષણ વિભાગની વર્ગ-૩ની ગૌણ સેવાઓમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક અને પંચાયત સંવર્ગના જિલ્લા શિક્ષણ નિરીક્ષક,વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષક વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષા લેવા અંગેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

## ❖ ખાતાકીય પરીક્ષાની તારીખ :-

ખાતાકીય પરીક્ષા તારીખ-.૨૮,૨૯ નવેમ્બર- ૨૦૨૬.ના રોજ લેવાશે.

## ❖ આવેદનપત્રો ભરવાનો સમયગાળો:-

આ પરીક્ષા માટેનાઆવેદનપત્રો બોર્ડની વેબસાઈટwww.sebexam.orgપર તા:૨૪/૦૯/૨૦૨૬ થી તા:03/૧૦/૨૦૨૬ દરમ્યાન ઓનલાઇન ભરવાના રહેશે.

## ❖ આવેદનપત્રો મોકલવા અંગેની અંતિમ તારીખ દર્શાવતી સમય સારણી :

ઉમેદવારોએ ઓનલાઇન ભરેલા આવેદનપત્રોની પ્રિન્ટ કાઢી તેની નકલ નીચે દર્શાવેલ સમય સારણીમાં દર્શાવેલ વિગતો મુજબ નક્કી થયેલ અધિકારીઓની કચેરી ખાતે જરૂરી આધારો સાથે જમા કરાવવાના રહેશે.

| ક્રમ | આવેદન પત્રો મોકલનાર | કોને મોકલશે | અંતિમ તારીખ |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ વિભાગની વર્ગ-૩ની ગૌણ સેવાઓ<br>• મદદનીશ શિક્ષણ નિરીક્ષક<br>• મદદનીશ શિક્ષક(માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ) (આચાર્યશ્રી મારફત) | સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી | તા.૦૫/૧૦/૨૦૨૬ સુધીમાં |
| | પંચાયત સંવર્ગ<br>• મદદનીશ જિલ્લા શિક્ષણ નિરીક્ષક<br>• વિસ્તરણ અધિકારી (શિક્ષણ)<br>• કેળવણી નિરીક્ષક વર્ગ-૩ | સંબધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી | |
| ૨ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | કમિશનરશ્રી, શાળાઓની કચેરી,ગાંધીનગર. | તા.૧૦/૧૦/૨૦૨૬ સુધીમાં |
| | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | નિયામકશ્રી, પ્રાથમિકશિક્ષણ, ગાંધીનગર. | |
| 3 | કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર. | સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર | તા.૧૫/૧૦/૨૦૨૬ સુધીમાં |
| | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગર. | | |

❖ <u>પરીક્ષા કેન્દ્ર :-</u>

➢ ગાંધીનગર/અમદવાદ  ખાતે આ પરીક્ષાનું કેન્દ્ર રાખવામાં આવશે.

❖ <u>ઉમેદવારો માટે અગત્યની સૂચનાઓ:-</u>

૧. ઉમેદવાર દ્વારા સીધા રાજ્ય પરીક્ષા બોર્ડને મોકલાવેલ ફોર્મ રદ ગણવામાં આવશે.

૨. ઉમેદવારનો  જે તે સંવર્ગમાં પૂરા પગારમાં સમાવેશ થયેલો હોવો જોઈએ.

૩. ઉમેદવારે સમય સારણીમાં દર્શાવેલ નિયત સમય મર્યાદામાં આવેદનપત્ર સંબંધિત અધિકારીશ્રીને મોકલી આપવાનું રહેશે.

૪. ઉમેદવારોએ તેમના આવેદનપત્ર પર કચેરીના વડાના સહી સિક્કા કરાવીને જ સંબંધિત અધિકારીશ્રીને મોકલવના રહેશે.

૫. પરીક્ષાના વિષયોનો અભ્યાસક્રમ શિક્ષણ વિભાગના તા:૨૧/૧૨/૨૦૧૨ ના જાહેરનામાના એપેન્ડીક્ષ-એ મુજબનો રહેશે.

૬. ઉમેદવાર આ પરીક્ષાના તમામ પ્રશ્નપત્રોમાં સરકાર દ્વારા પ્રકાશિત પુસ્તકોનો ઉપયોગ પરીક્ષાખંડમાં કરી શકશે.સરકારી પ્રકાશન દ્વારા પ્રકાશિત થયેલા સરકારી પુસ્તકોની ઝેરોક્ષ નકલ પ્રમાણિત કરાવીને લાવી શકાશે. સંબંધિત અભ્યાસક્રમ બાબતે સરકારશ્રી દ્વારા વખતો વખત બહાર પાડેલા ઠરાવો/જાહેરનામા/એકટ વગેરેની પ્રમાણિત નકલો સાથે રાખી શકાશે.

૭. ખાનગી પ્રકાશનોનાપુસ્તકો/સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરી શકાશે નહિ એટલ કે પરીક્ષા ખંડમાં તેવું સાહિત્ય લાવી શકાશે નહીં.

૮. આવા પુસ્તકોની વ્યવસ્થા ઉમેદવારે જાતે કરવાની રહેશે. આ વ્યવસ્થા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પૂરી પાડવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.

૯. ખાતાકીય પરીક્ષામાં ફી જમા થાય બાદ કોઇપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.

૧૦.ઘણા કિસ્સામાં પરીક્ષાની કેટલી તકો છે તે ફોર્મમાં દર્શાવવામાં આવતી નથી. જે ફોર્મમાં અચૂક દર્શાવવાની રહેશે. અધૂરી વિગતવાળા ફોર્મ રદ થવાને પાત્ર થશે.

૧૧. પ્રજ્ઞાચક્ષુ  ઉમેદવારોએ રાઇટરની મંજૂરી કચેરીના વડા પાસેથી મેળવવાની રહેશે.

❖ <u>કચેરીના વડા/ખાતાના વડાની કચેરી માટે અગત્યની સૂચનાઓ:-</u>

૧. કચેરીના વડા અને ખાતાના વડાશ્રીઓએ આ જાહેરનામા/પરીક્ષાની જાણ તેમના કર્મચારીઓને કરવાની રહેશે.

૨. કચેરીમાં/તાબાની કચેરીઓમાંથી આવેલા આવેદનપત્રોમાં જરૂરી પ્રતિ હસ્તાક્ષર (સહી-સિક્કા)કરીને જ સંબંધિત કચેરીએ આવેદનપત્રો મોકલવાના રહેશે.

૩. ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થતા ઉમેદવારો  ખરેખર બેસવાપાત્ર છે કે કેમ ? તે અંગે જે તે ખાતાના વડાશ્રીએ ચકાસણી કરીને ઓનલાઇન ભરવામાં આવેલ આવેદનપત્રો જરૂરી આધારો સહિત બોર્ડને સમયમર્યાદમાં મોકલી આપવાના રહેશે.

૪. ખાતાના વડાશ્રીની કચેરી દ્વારા સમયમર્યાદા બાદ આવેલા આવેદનપત્રો સ્વીકારવામાં આવશે નહિ.

૫.પ્રજ્ઞાચક્ષુ  ઉમેદવારોને રાઇટરની મંજૂરી કચેરીના વડાએ આપવાની રહેશે

❖ <u>પાસ થવાનું ધોરણ:-</u>

➢ ઉમેદવારે દરેક પેપરમાં પાસ થવા માટે ૫૦% ગુણ મેળવવા ફરજીયાત છે.

➢ કોઈ વિષયમાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવનાર પરીક્ષાર્થી વિષય પૂરતી મુક્તિ મળશે.

➢ જો કોઈ એક વિષયમાં ૫૦ ગુણથી ઓછા ગુણ મળવાને લીધે ઉમેદવારનું પરિણામ નાપાસ જાહેર થતું હોય તો માત્ર તેવા કિસ્સામાં એક વિષય પૂરતા જ વધુમાં વધુ ૫ કૃપા ગુણ આપી શકાશે.

❖ <u>પુનરાવર્તિત (રીપીટર) ઉમેદવારો માટે :-</u>

➢ અનુત્તિર્ણ થનાર ઉમેદવારને એક કે વધુ વિષયો/પેપરોમાં ૫૦% કે તેથી વધુ માર્કસ મેળવેલ હશે તો તેને તેવા વિષયો/પેપરોમાં પછીની પરીક્ષા માટે (Exemption) મુક્તિ મળવાપાત્ર રહેશે.

➢ આવા ઉમેદવારોએ તેમને મળવાપાત્ર મુક્તિ(Exemption)ના વિષયો/પેપરો માટે જે તે પરીક્ષાની પ્રમાણિત કરેલી માર્કશીટની નકલો આવેદનપત્રની પ્રિન્ટ સાથે જોડવાની રહેશે. તેમજ ઓનલાઇન ભરવામાં આવતા ફોર્મમાં તેનો ઉલ્લેખ કરવાનો રહેશે. આવેદનપત્રો ઓનલાઈન ભર્યા પછીની મુક્તિ અંગેની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

❖ <u>પરીક્ષાની તકો તથા પરીક્ષા ફી :</u>

➢ ખાતાકીય પરીક્ષા નિમણૂકની તારીખથી તથા સીધી ભરતીથી નિમણૂક મેળવનાર ઉમેદવારોએ નોકરીમાં પૂરા પગારમાં નિમાયાની તારીખથી ૩ વર્ષ અથવા ૩ (ત્રણ) તકોમાં જે પહેલું હોય તેમાં પરીક્ષા પાસ કરવાની રહેશે. પરંતુ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોએ ૩ + ૧ = ૪ તકોમાં પાસ કરવાની રહેશે. આવા ઉમેદવારોએ નિયત થયેલ તક સુધી કોઇ પરીક્ષા ફી ભરવાની રહેતી નથી.

➢ ઉપર મુજબની નિયત સમય મર્યાદા તથા નિયત તકોમાં જો ઉમેદવાર ખાતાકીય પરીક્ષા પાસ ના કરેલ હોય તો આવા ઉમેદવારોએ વ્યક્તિગત પરીક્ષા ફી ની રકમ(રૂ! ૨૦૦+GSTરૂ! ૩૬)=રૂ! ૨૩૬/-સચિવશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગરના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવીને આવેદનપત્રની પ્રિન્ટ સાથે જોડવાનો રહેશે.

❖ <u>પરીક્ષાનું માધ્યમ :-</u>

➢ દરેક પ્રશ્નપત્રો ગુજરાતી ભાષાના રહેશે.

❖ <u>પરીક્ષાના પ્રશ્નપત્રનું માળખુ :-</u>

➢ દરેક પ્રશ્નપત્ર બહુ વૈકલ્પિક.(MCQ) પ્રકારના રહેશે.

➢ દરેક પ્રશ્નપત્રમાં ૧૦૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે. આમ કુલ ૧૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે.

➢ ઉત્તરવહી OMR સ્વરૂપની રહેશે. જેમાં આપેલા વિકલ્પો પૈકી સાચા વિકલ્પમાં ગોળ કરવાનું રહેશે.

➢ ખોટા ઉત્તર માટે નેગેટીવ ગુણાંકન રહેશે નહી.

❖ **<u>આ પરીક્ષા આ વર્ષે OMR પદ્ધતિથી ઓફલાઈન લેવામાં આવશે.</u>**

➢ <u>પરીક્ષાનો કાર્યક્રમ :-</u>

| ક્રમ | પ્રશ્નપત્ર | તારીખ | સમય | ગુણ |
|---|---|---|---|---|
| ૧ | પેપર-૧: સેવાપ્રથા | ૨૮/૧૧/૨૦૨૬ | ૧૦.૦૦ થી ૧.૦૦ | ૧૦૦ |
| ૨ | પેપર-૨: હિસાબીપ્રથા | ૨૮/૧૧/૨૦૨૬ | ૩.૦૦ થી ૬.૦૦ | ૧૦૦ |
| ૩ | પેપર-૩:શિક્ષણ ખાતાના નિયમો અને ધારા ધોરણો તથા યોજનાઓ | ૨૯/૧૧/૨૦૨૬ | ૧૦.૦૦ થી ૧.૦૦ | ૧૦૦ |
| ૪ | પેપર-૪: પ્રકીર્ણ | ૨૯/૧૧/૨૦૨૬ | ૩.૦૦ થી ૬.૦૦ | ૧૦૦ |

❖ **<u>ઉમેદવાર તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશે તો તે રદ ગણવામાં આવશે.</u>**

❖ **જરૂરી આધારો/પ્રમાણપત્રો અંગેની સૂચનાઓ:**

➢ ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ કાઢી તેની સાથે નીચે મુજબના આધારો /પ્રમાણપત્રો જોડવાના રહેશે.

➢ ઓનલાઇન અરજીપત્ર (પ્રમાણપત્ર પર કચેરીના વડાના સહી-સિક્કા સાથે )

➢ પરીક્ષા ફી નો ડી.ડી. (લાગુ પડતુ હોય તો)

➢ અગાઉના દરેક પ્રયત્નોની માર્કશીટ/ પરિણામ જાહેરનામા સહિતની ઉમેદવારના નામની વિગતવાળી યાદીની પ્રમાણિત કરેલ નકલ બીડવી.

➢ ઉમેદવારનો પુરા પગારમાં સમાવ્યાનો કચેરી આદેશ..

➢ વય અને નોકરીની મર્યાદામાં છુટછાટ મેળવેલ હોય તો અધિકૃત સત્તાધિકારીએ કરેલ હુકમની નકલ સામેલ રાખવી.

❖ **ઓનલાઇન અરજી કરવાની રીત:**

આ જાહેનામાના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશનથયેલ અરજીઓ જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા: ૨૪/૦૯/૨૦૨૬ બપોરના ૧૫.૦૦ કલાક થી તા.૦૩/૧૦/૨૦૨૬ રાત્રે ૧૧.૫૯ કલાક દરમ્યાન (www.sebexam.org)પર અરજીપત્રક ભરી શકશે.ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.

➢ સમગ્ર ફ્રોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.

➢ સૌ પ્રથમ www.sebexam.org પર જવું.

➢ Apply online ઉપર Click કરવું.

➢ ખાતાકીય પરીક્ષા મ.શિ/મ.શિ.નિ/કે.નિ(વર્ગ: ૩) સામે **Apply Now** પર Click કરવું.

➢ **Apply Now** પર **Click** કરવાથી **Application Format** દેખાશે.

➢ **Application Format** માં સૌપ્રથમ માગવામાં આવેલ માહિતી ભરવાની રહેશે.

➢ હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે.જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

➢ હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signatureપર Click કરો.અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો ત્યારબાદ Submit પર Click કરો.અહીં Photo અને Signature upload કરવાના છે.

➢ Photo અને Signature uploadકરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format મા 15 KB સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo અને Signature store થયેલ છે. તે ફાઇલને Select કરો અને Open Button ને Click કરો. હવે Browse Buttonની બાજુમાં upload Button પર Click કરો.Photo અને Signature બંન્ને સાથે upload કરવાના રહેશે. હવે બાજુમાં તમારો Photo અને Signature દેખાશે.

➢ Confirm Application પર Click કરો.અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો ત્યારબાદ Submit પર Click કરો.

➢ જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું. Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.

➢ હવે Print Application પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.

- અહીંથી તમારી અરજીપત્રકની Print તથા પ્રમાણપત્રની નકલ કાઢી લેવી .
- હવે અરજીપત્રકની પ્રિન્ટ પર ઉમેદવારે તેમના ફોર્મ સારણીમાં બતાવ્યા મુજબ કચેરીના વડા/ ખાતાના વડા મારફતે પ્રમાણપત્રો ઉપર કચેરી/ખાતાના વડાના સહી સિક્કા કરાવીને જ મોકલવાના રહેશે.
- ઉમેદવાર દ્વારા છેલ્લી વાર **submit** થયેલ **online Application** આખરી ગણાશે.
- અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.

(પી.કે.ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

- <u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>

(૧) માન.શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
(૨) માન.રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
(૩) માન.અગ્ર સચિવશ્રી,(પ્રા.મા.શિ) શિક્ષણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર.
(૪) નિયામકશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯,ગાંધીનગર.
(૫) નિયામકશ્રી,શાળાઓની કચેરી,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાંધીનગર.
(૬) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાંધીનગર.

- <u>નકલ જાણ તથા કાર્યવાહી સારૂ :</u>

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.
(૩) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.
(૪) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી,ઉદ્યોગ ભવન,ગાંધીનગર.

Notification
Education Department,
Sachivalaya, Gandhinagar.
Dated the 21st December, 2012.

Constitution of India

No.KH/SH/88-EDI-1075-C/1969-L :- In exercise of the power conferred by the proviso to article 309 of the Constitution of India and in supersession of all rules made in this behalf, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating the conditions of service of persons appointed to the post of Assistant Education Inspector and Assistant Teacher, Class III in the subordinate services of the Education Department for promotion to the Gujarat Education Service, Class II post so far as they relate to the departmental Examination namely :-

1. (1) These rules may be called Assistant Education Inspector and Assistant Teacher, Class III (Departmental Examination) Rules 2012.

(2) They shall come into force on the date of their publication in the Official Gazette.

(3) They shall apply to the persons appointed to the post of Assistant Education Inspector Inspector and Assistant Teacher, Class III in the subordinate service under the Education Department.

Provided that where any such person has, before the appointment date, passed the examination or has been exempted from passing the examination under the old rules, he/she shall not be required to pass the examination under these rules.

(4) They shall also apply to the Assistant District Education Inspector, Extension Officer (Education) and Kelavani Nirikshak, Class III, of Panchayat Service who are eligible for promotion to the post or posts belonging to the cadres in the state service (Class-II posts) under the Education Department in accordance with the provisions of the GPanchayat Service (Eligibility for promotion to cadres in State Services) Rules, 1966.

2. In these rules, unless the context otherwise requires, -

(a) "Appendix" means an appendix Appended to these rules;

(b) "Appointed date" means the date on which these rules shall come in to force;

(c) "Assistant Education Inspector" means the Assistant Education Inspectors in the office of the Commissioner, Schools and other subordinate offices under him;

(d) "Assistant Teachers" means the Assistant Teacher in the Secondary Schools under the control of the Commissioner, School and other subordinate offices under him;

(e) "Assistant District Education Inspector" means Assistant District Education Inspector of Panchayat Service.

Scanned with ACE Scanner

(f) "Candidate" means a person who is appointed to the post of Assistant Education Inspector and Assistant Teacher, class III, in the subordinate service of the Education Department; and includes the Assistant District Education Inspector, Extension Officer (Education) and Kelavani Nirikshak in the panchayat Service;

(g) "Examination" means the departmental examination for promotion to the Gujarat Education Service, class II post prescribed under these rules as speified in Appendix 'A' ;

(h) "Specified chance" means the number of chances specified in these rules within which a person is required to pass the examination;

(i) "Specified period" means the period specified under these rules within which a person is required to pass the examination;

(j) "Chairman" means the Chairman, of the State Examination Board;

(k) "Old rules" means the rules of the departmental examination which were in force immediately before the appointed date.

3. (1) Every Candidate shall require to pass the departmental examination within three chances and within a period of three years. (four chances within a period of four years in the case of candidate belonging to Scheduled Castes and Scheduled Tribs) from the date of his appointment in the respective cadre:

Provided that the chance for passing the relevant examination under the old rules shall be deemed to have availed under these rules and a person who before the appointed date has been provided any chance under old rules shall be allowed to avail the remaining chances under these rules:

Provided further that in the case of a person who has a last chance and if the period for passing the examination as provided in these rules expires before the date of holding the next examination, the said period shallbe deemed to have been extended up to the date of the declaration of the result of the examination so held.

(2)If he/she fails to pass the examination within the specified chances and specified period his/her increment shall be withheld;

Provided that any increments so withheld shall become payable to him/her from the date on which he/she passes the examination and all further increments shall accrue to him/her if no increment has been withheld:

Provided further that candidate shall not be entitled to claim the arrears of the increments having withheld.

4. The candidates who fails to pass the examination within the specified chances and specified period shall, notwithstanding such

Scanned with ACE Scanner

failure, be eligible to appear at any time in such examin
payment of the examination fee as may be determined by
Government from time to time and if he/she shall be eli
promotion in Gujarat Education Service (Administrative Branc
post:

Provided that such candidate shall not be entitled to claim in the Gujarat Education Service (Administrative Branch) Cla those persons who may have been already promoted bef candidate becomes eligible for promotion on account his passed the departmental examination later.

5. (1) A candidate who intends to appear in the Examinati send his/her application to the Chairman, State Examinatior through the office of the Head of the Department atleast before the date of the commencement of the examinatior form as specified in the Appendix B, for enlisting his/her nar candidate for the relevant examination.

(2) The respective Heads of the Department shall scrutir application with regards to his/her eligibility for appearing examination and forward the same to the chairman, Examination Board.

(3) The Chairman, State Examination Board shall adn candidates to the examination on strength of the e certificate given by the respective Head of the Department.

(4) If the applicant subsequently decides not to appear examination he/she shall give intimation thereof to the Chc State Examination Board through his/her heads of the Departm least thirty days before the date of the commencement examination.

(5) In the event of any person failing to appear at an exami after having enlisted his/her name as a candidate for app thereat but without intimating as referred to sub-rule(4) he/sh be deemed to have lost one chance for passing the examinati

Provided that the State Government may condone the failu the part of the candidate to give intimation as referred to in the rule (4) and the consequences arising there from if it is satisfie the person had failed to give such intimation within time for re beyond his/her control.

(6) The Examination shall be held by the Chairman, Examination Board twice in a year, generally in the mon January and July on the date notified by him.

6. The syllabus of the examination shall be as specified in the Appendix "A"

7. (1) The standard for passing the examination shall be fifty perce the total marks assigned to each paper.

(2) The candidates shall be allowed to answer the papers of c subjects with the help of books.

Scanned with ACE Scanner

Explanation :- "With books" means original books of the relevant subjects, bare Acts, rules and text without commentary or case laws and manuals issued or published by the Government

(3) An unsucessful candidate who secures sixty percent of more marks in any one or more papers shall be exempted from appearing in those papers at the subsequent examination:

Provided that any exemption obtained by such candidate in the paper under the old rules specified in coloumn-1 of Appendix-C shall be deemed to have been obtained in the corresponding papers specified under these rules, in coloumn-2 of Appendix-C.

(4) A candidate who has secure eighty percent or more aggregate marks in the examination shall be paid an amount in cash as an incentive as may be determined by the Government.

## APPENDIX 'A'

(See rule 6)

Syllabus of the Departmental Examination.

| | |
|---|---|
| **Paper I** | **Duration 3 hours** |
| **Service matter** | **100 marks** |

1. The Gujarat Civil Services (Conduct) Rules, 1971 and The Gujarat Civil Services (Discipline and Appeal) Rules, 1971 (Whole Book).
2. The Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 (Whole book).
3. Gujarat Civil Services Rules, 2002 Vol. I to VIII.

| | |
|---|---|
| **Paper-II** | **Duration 3 hours** |
| **Accounts Matters** | **100 marks** |

1. Gujarat Financial Rules, 1970 (Except the following)

   Chapter 2: General System of Financial Management and Control.

   Chapter 3: Works and Public Building.

2. The Gujarat Treasury Rules, 2000 (Except the following)

Scanned with ACE Scanner

Chapter-1 Short title and definitions, General Principal and Rules

Chapter-2 Treasury working

Chapter-4 Custody of money relating to or standing in the Government Accounts.

Chapter-5 Withdrawal from the Government Accounts.

Chapter-9 Contingent Charges Rules 220 to 225.

Chapter-10 Withdrawal from the Government Accounts- Pension Payment.

Chapter-11 Withdrawal from the Government Accounts- works Expenditure.

Chapter-12 Withdrawal from the Government Accounts- Miscellaneous.

Chapter-13 Special Rules for Banks, Treasuries.

Chapter-14 Special Rules for Particular Department.

Chapter-15 Public Debt, Transactions.

Chapter-16 Deposits Transactions.

3. The Bombay Contingent Expenditure Rules, 1959 (Except the following).

Section X Inspecting officer's bill.

Section XII Special Rules for the Public Works Department.

Section XXI Medicine and Tin Medicine Boxes.

Section XXV Clothing.

Section XXVIII Tents.

Section XXIX Rewards.

Section XXX Diet and road money to witnesses.

Section XXXI Fees to pleaders and law charges.

Section XXXII Arts and Account rements.

Section XXXIII Epidemic charges.

Section XXXIV Stores.

Section XXXV Repeals and Savings.

Scanned with ACE Scanner

4. The Gujarat Budget Mannual, (Whole Volume-2 and the following Chapters of Volume-1)

Chapter-4, 5, 6, 7 and 18 of Volume-1.

5. The Bombay General Provident Fund Rules (whole book).

**Paper -III** **Duration : 3 Hours**

**Rulesand Regulations of the Education Department.** **100 marks**

1. The Bombay Primary Education Act, 1947 and The Bombay Primary Education Rules, 1949.
2. The Secondary and Higher Secondary Education Act, 1972 (Guj. 12 of 1973).
3. The Secondary Education Regulations, 1974.
4. Grant-in-aid code (Except the rule 85 of the Code and the provisions contained in the books mentioned at 'c' and 'd' ).
5. Education and Labour Department Resolution No. GAC-1067, dt. 08/10/1968 relating to the Grant to Secondary Schools.
6. General knowledge of the Bombay Education Mannual.

**Paper-IV** **Duration: 3 hours**

**Miscellaneous** **100 marks**

1. Current education problems concerning the administrative branch of the Education Department.
2. A general knowledge of five year plan with special reference to the development schemes of the Education Department.
3. A general knowledge of rules regarding scholorship and other education concessions.

Scanned with ACE Scanner

## Appendix 'B'

See rule 5(1)

Form of Application

Application for appearing at the examination to be held by the State Examination Board.

1. Applicant's Name (in full) (Surname first) (in English and Gujarati) :

2. Designation (in English and Gujarati) :

3. Name of the Office in which at present serving. :

4. Birth Date and Age at the time of this Examination: :

5. Date of Appointment and Total Year of Service. (Gazetted/Non-Gazetted) :

6. Whether he/she has appeared at the examination previously? If so - :

   (a) Month and Year of the Examination at which he appeared. :

   (b) Whether any exemption is earned? :

       If so, details of marks, Year of Examination and subject should be given.

   (c) Whether he intends to avail of exemption earned? State Yes or No. (The option will be treated as final and no change will be allowed.) :

7. Authority of the rule under which he has to appear for the examination. :

8. Number of chances and time limit within which he is required to pass the examination. (Date of eligibility and expiry for appearing at the examination should be mentioned). :

Scanned with ACE Scanner

9. Number of Trials Exhausted :

10. Whether additional (Special) chance has been granted. (Number and date of order under which the additional (special) chance has been granted to him should be specified and a copy thereof should be sent). :

11. Number and Date of order relaxing: age and/or service limits from competent authority (Copies of orders should be sent).

12. Purpose of passing the examination: (e.g. confirmation in govt. service)

13. Whether he is eligible to appear at : the examination according to the Departmental Examination Rules.

14. Whether he intends to answer all his : papers in English or Gujarati, If so, give details regarding papers in which he desired to answer in English and in Gujarati.

15. Remarks if any.

Place : ____________

Date : ____________

(Signature of the Applicant)

Certified that the above particulars are verified and found correct. Shri ______________________________ (Name, Designation and name of the office) is eligible to appear at the examination to be held in _______, 20___.

Place : ____________

Date : ____________

(Signature of the Applicant)

(Name and Designation of the Heads of Department / Office)

CE

Scanned with ACE Scanner

બઢતી માટેની ખાતાકીય પરીક્ષાના
ધોરણોમાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:ખતપ/૧૦૨૦૨૨/૩૫૧/ક
સચિવાલય , ગાંધીનગર.
તા.૨૬/૦૮/૨૦૨૨

વંચાણે લીધા: (૧) સા.વ.વિ.ના તા.૧૭/૦૨/૨૦૦૬ના ઠ.ક.: ખતપ-૧૦૦૪-૧૪૭૩-ક

આમુખ:

સરકારી કર્મચારી/અધિકારીઓએ ઉપલી જગ્યાએ બઢતી મેળવવા માટે જ્યાં ખાતાકીય પરીક્ષાની જોગવાઇ હોય ત્યાં તે પરીક્ષા પાસ કરવી જરૂરી છે. ખાતાકીય પરીક્ષા પસાર કર્યા બાદ જ ઉ.પ.ધો./બઢતી મંજૂર કરવામાં આવે તે વહીવટી દ્રષ્ટિએ નિયમાધીન અને અપેક્ષિત છે. કર્મચારી/અધિકારી જે સરકારી વિભાગ/કચેરીમાં ફરજો બજાવે છે તેને સંબંધિત તથા સરકારી વહીવટના નિયમોનું જ્ઞાન જરૂરી હોઇ,તેમજ બઢતી મળ્યા બાદ ઉપલી જગ્યાની ફરજો કાર્યદક્ષતાથી બજાવી શકે તે હેતુથી ઉકત જોગવાઇ રાખવામાં આવેલ છે.હાલમાં આ પરીક્ષા પાસ કરવાનું ધોરણ ૫૦ ટકા (૫૦%)રાખવામાં આવ્યું છે જ્યારે કોઇ પેપરમાં ૬૦ ટકા(૬૦%) ગુણ હોય તો તેને તે પેપરમાંથી મુકિત આપવાની જોગવાઇ રાખવામાં આવેલ છે. વહીવટી કાર્યદક્ષતાનું યોગ્ય ધોરણ જળવાઇ રહે તેની પૂરતી તકેદારી રાખીને બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કરવાના હાલના ધોરણોમાં ફેરફાર કરવાની બાબત વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઉક્ત વંચાણે લીધેલ ઠરાવમાં નીચે મુજબના સુધારા કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

(૧) કોઇ એક વિષયમાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવનાર પરીક્ષાર્થીને તે વિષય પૂરતી મુક્તિ મળશે.

(૨) જો કોઇ એક વિષયમાં ૫૦ ગુણથી ઓછા ગુણ (<૫૦)મળવાને લીધે ઉમેદવારનું પરિણામ નાપાસ જાહેર થતું હોય માત્ર અને માત્ર તેવા કિસ્સામાં એક વિષય પૂરતું જ વધુમાં વધુ ૫ કૃપા ગુણ આપી શકાશે.

(૩) આ હુકમો પ્રસિધ્ધ થયા તારીખ બાદ લેવાનાર બઢતી માટેની તમામ ખાતાકીય પરીક્ષાઓ માટે ઉપર મુજબની જોગવાઇઓ લાગુ પડશે.

Scanned with CamScanner

(૪) જે સંવર્ગોની ખાતાકીય પરીક્ષાઓ જૂના નિયમોનુસાર યોજાઇ ગયેલ છે તેનું પરિણામ જૂના નિયમોનુસાર જ જાહેર કરવાનું રહેશે.

(૫) સંબંધિત વિભાગ/ખાતાના વડાએ જે તે ખાતાકીય પરીક્ષાના નિયમોમાં સા.વ.વિ.ના પરામર્શમાં દિન-૧૫માં ઉકત સુધારા માટે કાર્યવાહી કરવાની રહેશે.

(૬) આ સિવાય તા.૧૭/૦૨/૨૦૦૬ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સિમરન પોપટાણી )
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓ/માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
•રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
•સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના તાત્કાલિક ધ્યાને લાવવા અંગે લેખિત સુચનાઓ પરિપત્રિત કરવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
સિલેક્ટ ફાઇલ.
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં.
• પત્ર દ્વારા

Scanned with CamScanner

બઢતી માટેની ખાતાકીય પરીક્ષાના
ધોરણોમાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:ખતપ/૧૦૨૦૨૨/૩૫૧/ક
સચિવાલય , ગાંધીનગર.
તા.૧૯/૧૦/૨૦૨૨

વંચાણે લીધા: (૧) સા.વ.વિ.ના તા.૨૬/૦૮/૨૦૨૨ના ઠ.ક્ર.: ખતપ/૧૦૨૦૨૨/૩૫૧/ક

સરકારી કર્મચારી/અધિકારીઓએ ઉપલી જગ્યાએ બઢતી મેળવવા માટે નિયત કરાયેલ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કરવાના હાલના ધોરણોમાં ફેરફાર કરવા અંગેના હુકમો ઉકત વંચાણે લીધેલા ક્રમાંક:(૧)ના ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.ઉકત ઠરાવની જોગવાઇનં(૨)માં અર્થઘટનના પ્રશ્નો ઉપસ્થિત થયેલ હોઇ ઉકત ઠરાવની જોગવાઇ નં(૨)માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

સુધારા ઠરાવ:

" જો કોઇ ઉમેદવારે ખાતાકીય પરીક્ષાના કૂલ વિષય/પેપરમાંથી કોઇ એક વિષયમાં/પેપરમાં ૫૦ ગુણ/૫૦%ગુણ થી ઓછા ગુણ (<૫૦ગુણ/<૫૦%ગુણ) મેળવેલ હોય તેમજ અન્ય તમામ વિષય/પેપરમાં ૫૦ ગુણ/૫૦%ગુણ કે તેથી વધુ ગુણ/(%) મેળવેલ હોય માત્ર અને માત્ર તેવા કિસ્સામાં એક વિષય પૂરતું જ, જે વિષયમાં ૫૦ ગુણ/૫૦%ગુણ થી ઓછા ગુણ/(%) મેળવેલ હોય તે વિષય/પેપરમાં વધુમાં વધુ ૫ ગુણ/૫%ગુણ કૃપા ગુણ આપી ઉમેદવારને પાસ જાહેર કરી શકાશે."

ઉકત તા.૨૬/૦૮/૨૦૨૨ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.ભરડવા)
સેકશન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓ/માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

-પાછળ-

મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના તાત્કાલિક ધ્યાને લાવવા અંગે લેખિત સુચનાઓ પરિપત્રિત કરવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
સિલેક્ટ ફાઇલ.
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં.
* પત્ર દ્વારા